

## રણાસણ લુંટ પ્રકરણમાં બે લુંટારુંઓ ઝડપાયા

ગાંધીનગર નજીક રણાસણ સર્કલ પાસે લકઝરીની રાહ જોઈને ઉભેલા મુસાફરને કેફી દ્રવ્ય ઠંડા પીણામાં ભેળવી દીધા બાદ પીવડાવી દઈ ૧૯ જુને રૂ. ૪૭,૨૦૦ની કિંમતના મુદ્દામાલની લુંટ કરી લેવામાં આવી હતી. લુંટનો ભોગ બનેલા મોહનસિંગે ગુનો નોંધાવતા ડભોડા પીએસઆઈ પી.જે. સોલંકીએ તપાસ આરંભી હતી. ગઈ કાલે આ લુંટ પ્રકરણમાં બે આરોપીઓને પોલીસે પકડી પાડયા હતા. અમદાવાદના ભીમા શાંતિ રાઠોડ અને શંકર બાબુ રાઠોડ બંનેની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતાં કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ વધુ પુછપરછ માટે મંજુર કર્યા છે.

# સેક્ટર-૧૭માં શોપિંગ વિસ્તારમાં સ્થિત વડના તોતિંગ વૃક્ષના મુળિયા પાણીની ટાંકીમાં ઘુસી ગયા

## રહેણાંક વિસ્તારમાં પાણી પણ ડહોળુ આવતા રહિશો પરેશાન

ગાંધીનગર તા ૫

શહેરના સેકટરોમાં હરિયાળા વૃક્ષોની હારમાળા જોવા મળે છે. નગરની હરિયાળી આંખોને ઠંડક આપે તેવી હોવાથી પ્રકૃતિ પ્રમીઓ આ મામલે વિશેષ જાગૃતતા દાખવી વૃક્ષોનું જતન કરવા પ્રોત્સાહિત થયા છે. પરંતુ વન વિભાગ કક્ષાએથી વૃક્ષોની યોગ્ય જાળવણી ન થતા નગરજનો માટે ઘણાં ઠેકાણે વૃક્ષોની નમી પડેલી ડાળીઓ નડતરરૂપ બની છે. સેકટર- ૧૭ના શોપિંગમાં સ્થિત વડનુ તોતિંગ વૃક્ષ સ્થાનિક વેપારીઓ તેમજ રહિશો માટે સમસ્યાનું કારણ બન્યુ છે. વડના તોતિંગ વૃક્ષના મુળિયા પાણીની ટાંકી સુધી પહોચી જતા રહિશોને રોજબરોજ ડહોળુ પાણી નસીબ થાય છે. જયારે ફેલાતા મુળિયા વધુ નુકશાનકારક પુરવાર થાય તે પૂર્વે વન વિનવિભાગ દ્વારા યોગ્ય પગલા લેવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગ્રીન સીટી તરીકે ઓળખાતા ગાંધીનગરમાં વૃક્ષોની હારમાળા જોવા મળે છે. જો કે વિકાસ કામોના ઓથા હેઠળ શહેરમાં સેંકડો વૃક્ષોનો ખાતમો પણ કરી દેવાયો છે. વિકાસના વિવિધ પ્રોજેકટો તેમજ માર્ગ વાઈડનિંગના કામો દરમિયાન હજારો વૃક્ષો જમીન દોસ્ત કરી દેવાય છે. શહેરના સેકટરોમાં પણ વૃક્ષોની હરિયાળી જોવા મળે છે. સેકટરોના રીંગ રોડ આસપાસ તેમજ આંતરિક વિસ્તારમાં પણ વૃક્ષોની હરિયાળી બરકરાર છે. જયારે પ્રતિવર્ષ નવા વૃક્ષોની વાવણી પણ કરવામાં આવે છે. આવા સંજોગોમાં વૃક્ષોના યોગ્ય ઉછેર માટે જરૂરી જાળવણી ન થતા રોપાઓનુ બાળમરણ પણ થઈ જાય છે. સેકટરોમા વૃક્ષોની જાળવણી સંદર્ભે વન વિભાગ નાગરિકોની ફરિયાદ સાંભળવાના મુડમાં નથી.જયારે સેકટરવાસીઓ માટે ઉદભવતી સંબંધિત ફરિયાદો ચોમાસામાં શિરદર્દ સમાન બને છે. સેકટર - ૧૭માં પણ શોપિંગ વિસ્તારમાં સ્થિત જુના વડનું વૃક્ષ વેપારીઓ તેમજ સ્થાનિક રહીશો માટે સમસ્યારૂપ બન્યુ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. શોપિંગ વિસ્તારમાં પાછળની બાજુ સ્થિત વડના વૃક્ષના મુળિયા ખુબ ફેલાઈ જતા રહિશોની પાણીની ટાંકી સુધી પહોંચી ગયા છે. જેના લીધે પાણી પણ ડહોળુ આવે છે. જયારે અન્ય રીતે પણ આ તોતિંગ વૃક્ષ રહેણાંક વિસ્તારમાં હોવાથી ભાવિ સમયમાં પણ નુકશાનકારક પુરવાર થશે તેવી દહેશત પ્રવર્તી છે. વન વિભાગ દ્વારા આ મામલે યોગ્ય પગલા લેવાય તેવી લાગણી સ્થાનિક રહિશોમાં પ્રર્વતી છે.

# ડ્રાઈવરે માલીકની કારમાંથી એટીએમ ચોરીને ૨૦ હજાર ઉપાડી લીધા

## કારમાં મુકેલા પાકીટમાંથી એટીએમ, ૫ હજાર રોકડા અને લાયસન્સ ઉપરાંત કારની આર.સી. બુક પણ ચોરી લીધી હોવાની ફરીયાદ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર નજીક કુડાસણ ખાતે રહેતા સુરેન્દ્રસિંહ અમરસિંહ ચંપાવતે મુળ ઝાલોદ વિસ્તારનો ડ્રાઈવર ગણેશરામ રબારી રાખ્યો હતો. તેણે ૨ જૂને સવારના સુમારે ગાડીમાંથી ચોરી કરી લીધી હોવાની ઘટના બનવા પામી છે. કાર માલીક સુરેન્દ્રસિંહે પોતાનું પાકિટ કારમાં મૂક્યુ હતુ. ત્યારે તેમાંથી રૂ. ૫ હજાર રોકડા, ડ્રાઈવીંગ લાયસન્સ અને એટીએમ કાર્ડ ચોરી લીધુ હતુ. તે ઉપરાંત કારની આર.સી. બુક પણ ચોરી કરી લીધી હતી. ત્યાર બાદ એટીએમ કાર્ડમાંથી રૂ. ૧૦-૧૦ હજાર તબક્કાવાર ઉપાડી લીધા હતા. આ અંગે કારમાલીકની ફરીયાદને આધારે ઈન્ફોસીટી પોલીસે ડ્રાઈવર સામે ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

# ભ્રષ્ટાચારમાં ગળાડુબ ગુજરાત યુનિવર્સિટીને પરિણામો જાહેર કરવા એનએસયુઆઈની ઉગ્ર રજૂઆત

## પરિણામો જાહેર કરવામાં યુનિવર્સિટીનું તંત્ર ખાડે ગયું છે

ગાંધીનગર, તા.૫

ગુજરાત યુનિવર્સિટી ભ્રષ્ટાચારનું એપી સન્ટર બની ગયું છે. વર્ષ દરમિયાન કુલપતિથી લઈને કલાર્ક સુધી પોતાના સેટીંગમાં જ વ્યસ્ત હોય છે અને તેનું પરિણામ વિદ્યાર્થીઓને ભોગવવું પડે છે. રાજયમાં સૌથી છેલ્લે પરીક્ષા લેવામાં અને પરિણામ જાહેર કરવામાં ગુજરાત યુનિ. અવ્વલ નંબરે આવે છે. સ્નાતક બાદ અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ મેળવવા માટે ૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ કતારમાં ઉભા છે. એનએસયુઆઈ દ્વારા તાકીદે પરિણામ જાહેર કરવા માટે રજુઆત કરી હતી જેથી વિદ્યાર્થીઓને પ્રવેશ લેવા અંતિમ સમયે બુલેટની ગતિએ ન દોડવું પડે.

ગુજરાત યુનિવર્સિટી પ્રવેશ પરિક્ષા, પરિણામ અને પાયાની ફરજ બજાવવામાં સંપૂર્ણ નિષ્ફળ રહ્યું છે. યુનિ. સત્તાધીશો દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી લાખો રૂપિયાની ફી ઉઘરાવી ભેગા થયેલ નાણામાંથી ભ્રષ્ટાચાર કરવો એ જ મુખ્ય કામગીરી હોય તેવું ઘણા સમયથી બની રહ્યું છે ત્યારે અનુ.સ્નાતક અભ્યાસક્રમ, એમ.એ, એમ.કોમ., એમ.એસ.સી., એલ.એલ.બી. સહિતની પ્રવેશ પ્રક્રિયા માટે મોટા પાયે જાહેરાત કરનાર કુલપતિની યુનિ.ના ૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓના પરિણામો વહીવટી કારણોસર અટકી પડયાં છે. જેના કારણે અનુ.સ્નાતક કામગીરીથી વંચિત રહેલા ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ માટે તેમના હક્ક અને અધિકાર માટે છેલ્લા બે દિવસથી એન.એસ.યુ.આઈ.ના સેનેટ સભ્યો પ્રવિણ વણોલ, હસમુખ ચૌધરી, ઉપેન્દ્રસિંહ જાડેજા, સિધ્ધરાજસિંહ ચૌહાણ સહિતના આગેવાનોએ ગુજરાત યુનિ.ના પરીક્ષા નિયામક તેમજ યુનિ.ના સત્તાધીશોને તાકીદે પરિણામો જાહેર કરે તેવી ઉગ્ર રજુઆત કરી હતી.

જયાં સુધી યુનિ. સત્તાધીશો દ્વારા વિદ્યાર્થીઓને ન્યાય નહીં આપવામાં આવે ત્યાં સુધી ઉગ્ર રજુઆતો કરવામાં આવશે અને જરૂર પડશે તો આંદોલન પણ કરવામાં આવશે. યુનિ. સત્તાધીશો દ્વારા વિદ્યાર્થીને સમયસર પ્રવેશ, પરીણામ જેવી પાયાની સુવિધાઓ આપવામાં નિષ્ફળ રહેતા હોય તે સ્વૈચ્છાએ રાજીનામું આપી દેવું જોઈએ તેમજ ગુજરાત યુનિ. સત્તાધીશોની નિષ્ફળ કામગીરીના અભાવે જે ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓના પરિણામો અટકયા છે તેના માટે વિશેષ કામગીરી કરી તેમના પરિણામો તાકીદે જાહેર કરી પ્રવેશ પ્રક્રિયામાં સામેલ કરવામાં આવે જે તે વિદ્યાર્થી મેરિટમાં આવતા હોય તેઓને પ્રવેશ આપવામાં આવે તેવી માંગ કરી છે.



## પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે સેક્ટર-૩-એ-ન્યુમાં કાંઠા ગોરમાનું પૂજન

ગાંધીનગરની આરટીઓ ઓફિસ નજીક સેક્ટર-૩-એ-ન્યુમાં પ્લોટ નં. ૧૯૮/૧ ખાતે ગોપી મંડળની બહેનો દ્વારા પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે રોજ સવારે કાંઠા ગોરમાનું પૂજન કરવામાં આવી રહ્યું છે. આ સાથે બહેનો પુરૂષોત્તમ ભગવાનની કથા અને કાંઠા ગોરમાના મહાત્મ્યની વાર્તાઓનું વાંચન કરે છે અને તેમની આરતી ઉતારે છે. સે. ૩-એ-ન્યુની લગભગ મોટાભાગની મહિલાઓ આ પૂજાઆરતીમાં સામેલ થાય છે અને બપોરે નિયમિતણે ભજનનો કાર્યક્રમ પણ યોજે છે. ભજન દરમ્યાન મહિલાઓ ભક્તિરસમાં તરબોળ થઈ નાચી ઉઠે છે અને સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી મુકે છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# મનપાના સફાઈ કામદારોને કરાર આધારિત કરવા રજૂઆત કરાઈ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર મહાનગર પાલિકામાં ફરજ બજાવતા ૧૭૦ જેટલા કર્મચારીઓને કરાર આધારિત કરવા સફાઈ કામદાર યુનિયન પ્રમુખ શાંતાબેન ચાવડાએ માંગ કરી છે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં સફાઈ કામદારોનો મોટા ભાગનો સ્ટાફ આઉટ સોર્સિંગથી ફરજ બજાવે છે. ૧૭૦ જેટલા કર્મચારીઓ સાડા ચાર વર્ષથી નોટીફાઈડ એરિયાના સમયથી ફરજ બજાવે છે. સાડા ચાર વર્ષમાં એક પણ ફરિયાદ કર્મચારીઓ વિરુદ્ધ નોંધાવા પામી નથી ત્યારે ફરજ બજાવતા ઓપરેટર, ડ્રાઈવર, હેલ્પર, ઢોર પાટી સહિતની જગ્યાઓ ઉપર ફરજ બજાવતા કર્મચારીને અગિયાર માસના કરારમાં સમાવેશ કરવા ગાંધીનગર-અમદાવાદ શહેર સફાઈ કામદારના યુનિયનના પ્રમુખ શાંતાબેન ચાવડાએ અગ્ર સચિવ, શહેરી વિકાસ, કલેકટર ગાંધીનગર, મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, કમિશનર અને વિપક્ષના નેતા ગાંધીનગરને લેખિત રજુઆત કરી છે.



(તસવીર : નટુભાઈ પટેલ)

## ડભોડામાં ભાજપનો લોકસંપર્ક કાર્યક્રમ યોજાયો

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાવવા ભાજપ દ્વારા લોકસંપર્ક અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ડભોડા ખાતે સાંસદ અને અભિનેતા પરેશ રાવલની ઉપસ્થિતિમાં લોકસંપર્ક કાર્યક્રમ યોજાયો હતો. ગાંધીનગર પાસેના ડભોડામાં ભારતીય જનતા પાર્ટીનો લોકસંપર્ક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અમદાવાદ પૂર્વના સાંસદ પરેશ રાવલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેમણે ઉપસ્થિત કાર્યકરોને સંબોધનમાં જણાવ્યું હતું કે ગામડાના ખુણે ખુણે જઈને દરેક નાગરિકનો ઓનલાઈન સભ્યપદ નોંધણીની માહિતી આપવા જણાવ્યું હતું. વર્તમાન કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતા વિકાસકામોની પણ નાગરિકોને વાકેફ કરવા જણાવ્યુ હતુ. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ભાજપનો ભગવો લહેરાવવા કાર્યકરોને હાંકલ કરી હતી. આ પ્રસંગે દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, પ્રદેશમંત્રી રમણસિંહ સહિત જિલ્લા, તાલુકા, ભાજપના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડૂતોના પ્રશ્નોને વાચા આપનારનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૫

માણસા અને આજુ બાજુના ગામડાના ખેડૂતોનો પાણી વિના પાક લેવો મુશ્કેલ હતો. પાણી ના હોવાના કારણે ખેતી પર જીવન નિર્વાહ કરતા ધરતીપુત્રોના હાલ બેહાલ બની જવા પામ્યા હતા ત્યારે ગુજરાતી ખેડૂત હિત રક્ષક મંડળના પ્રતિનિધિ ભરતભાઈ સોલૈયા અને ગૌરવ પંડિત દ્વારા ખેડૂતોને સુજલામ-સુફલામ કેનાલમાંથી પાણી આપવા માંગ કરવામાં આવી હતી. પોતે ખેડૂત ન હોવા છતાં પણ ખેડૂતોની વહારે આવનાર ભરતભાઈનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ સમયે તેમણે ખેડૂતોને જણાવ્યું હતું કે જયારે જયારે મારી જરૂર પડશે ત્યારે ત્યારે ખેડૂતો સાથે ખભેથી ખભો મિલાવવા ઉભો રહીશ.

# ગુજરાતમાં મેગી નુડલ્સ પર વધુ એક માસ માટે પ્રતિબંધ

## સુરક્ષા ધારાધોરણોની સાથે સંબંધિત રિપોર્ટ રજૂ કરવામાં નેસ્લે મેગી નૂડલ્સ નિષ્ફળ રહી જતા પ્રતિબંધ લંબાવાયો

ગાંધીનગર,તા. ૫

ગુજરાત સરકારે વધુ એક મહિના માટે નેસ્લેના મેગી નુડલ્સ પ્રતિબંધને લંબાવી દીધો છે. કારણ કે કંપની સુરક્ષાના ધારાધોરણ સાથે સંબંધિત અહેવાલને રજૂ કરવામાં નિષ્ફળ ગઈ છે.

ગુજરાતમાં વધુ એક મહિના માટે પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ ગુજરાત સરકારની કઠોર નિતી યથાવત રહી છે તે બાબત સાબિત થઈ છે. ગુજરાતના ફુડ એન્ડ ડ્રગ કન્ટ્રોલ ઓથોરિટી કમીશનર એચજી કોશિયાએ કહ્યું છે કે તેની પ્રોડકટની સુરક્ષાના સંબંધમાં રિપોર્ટ રજૂ કરવામાં કંપની નિષ્ફળ નિવડી છે જેથી મેગી પર પ્રતિબંધને લંબાવી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

તેમણે વધુમાં કહ્યુ હતું કે એસકે ફુડના હક્કા નુડલ્સ પર પણ પ્રતિબંધને લંબાવી દેવામાં આવ્યો છે. કારણ કે આ કંપની દ્વારા પણ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો નથી. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકારે દેશભરમાં ભારે હોબાળો થયા બાદ રાજ્યમાં એક મહિના માટે મેગી નુડલ્સના વેચાણ પર પ્રતિબંધ મુકી દીધો હતો. કારણ કે મેગી નુડલ્સમાં નક્કી કરવામાં આવેલી મર્યાદા કરતા વધારે પ્રમાણમાં લીડ અને મોનોસોડિયમનુ પ્રમાણ મળી આવ્યું હતુ.

તેમણે માહિતી આપતા કહ્યું હતું કે ૨૭ સેમ્પલો લેવામાં આવ્યા હતા જે પૈકી ૧૪માં ૨.૮ પીપીએમથી પાચ પીપીએમનુ પ્રમાણ લીડનુ રહ્યું હતુ. જ્યારે નક્કી કરવામાં આવેલી મર્યાદા ૨.૫ પીપીએમ જેટલી છે. કોશિયાએ કહ્યું હતું કે સત્તાવાળાઓને ઉંચા લીડના પ્રમાણના કારણે ઉપયોગ માટે બિનસુરક્ષિત બની જતા સુરત સ્થિત બદરીની યમ્મી નુડલ્સ પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. માત્ર ગુજરાતમાં જ નહી બલ્કે દેશના મોટા ભાગના રાજ્યોમાં લીડ અને એમએસજીના સ્તરના કારણે મેગી નુડલ્સ પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. મેગી નુડલ્સ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ દેશભરમાં આને લઈને કાયદાકીય અને આરોગ્ય નિષ્ણાંતોમાં ચર્ચા રહી હતી.



(તસવીર : નટુભાઈ પટેલ)

ગાંધીનગર તાલુકાના દશેલા ગામના વતની પટેલ રામજીભાઈ બહેચરભાઈ વય નિવૃત્ત થતાં ગીયોડ અંબાજી મંદિર ખાતે તેમનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે રામજીભાઈ પટેલના સમાજ અગ્રણી અર્બુદા ટ્રસ્ટ પરિવારના પ્રમુખ દિલિપભાઈ પટેલ, એસ.ટી. વિભાગના જનરલ મેનેજર કાપડીયા સાહેબ, પ્રાંતિજ પ્રાંત અધિકારી અશોકભાઈ ચૌધરી, ગાંધીનગર જિલ્લા કિસાન મોરચાના અગ્રણી નાથુભાઈ ચૌધરી વગેરે મહાનુભાવોએ રામજીભાઈ ચૌધરીની સેવાઓને બિરદાવી શાલ ઓઢાડી બહુમાન કર્યું હતું.

## ગિરિકંદરાનો મનોરથ

ગાંધીનગર, તા.૫

પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે આજે સોમવારે ગિરિકંદરાનો મનોરથ યોજાશે.

# છઠ્ઠા પગારપંચનો લાભ આપવા બદલ અભિનંદન પાઠવ્યા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગર પાલિકામાં સફાઈ કામદારોને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવામાં આવશે. ૯૪ જેટલા સફાઈ કામદારો મહાનગરપાલિકામાં ફરજ બજાવે છે. ત્યારે કામદારોને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવામાં આવશે તેવું જણાવવા અખિલ ભારતીય વાલ્મિકી મહાસભાએ આવકાર્યુ છે. મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનનો વાલ્મિકી મહાસભાના અધ્યક્ષ રામેશ્વર લોટ, મહામંત્રી ભરત વાઘેલા, મહિલા પાંખના લીલાબેન સોલંકી, કપિલાબેન રાઠોડ, દિનેશભાઈ સોલંકી, એમ.જે. વાઘેલાએ અભિનંદન પાઠવ્યા છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૦

સૂર્યાસ્ત : ૭.૩૧

## તાપમાન

મહત્તમ : ૩૭.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૪૪ ટકા

## મનોરંજન

### સિટીપલ્સ

**સ્ક્રીન-૨ :**

ગુડ્ડુ રંગીલા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**

ટર્મીનેટર જેનીસીસ (હિન્દી) (૩ડી) : ૨.૩૦, ૭.૩૦, ૧૦.૧૫

ટર્મીનેટર જેનીસીસ (અંગ્રેજી) (૩ડી) : ૧૨.૦૦, ૫.૦૦

**સ્ક્રીન-૪ :**

ઠાકોર નં. ૧ (ગુજરાતી) : ૧૨.૧૫

સેકન્ડ હેન્ડ હસબન્ડ : ૨.૪૫, ૧૦.૧૫

જુરાસિક વર્લ્ડ (હિન્દી) (૨ડી) : ૪.૪૫ ● પપાનસમ (તમીલ) : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**

એબીસીડી - ૨ : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

ગુડ્ડુ રંગીલા : ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી.

**વૃષભ** : મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા.આવક- ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ

**મિથુન** : આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે.

**કર્ક** : તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ કાર્ય થશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે.

**વૃશ્ચિક** : વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

**ધન** : અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે.

**મકર** : સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે.

**મીન** : કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થશે. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે.

## ચિરવિદાય

- સ્વ. દેસાઈ તળજાભાઈ માધાભાઈ (ઉ.વ.૭૫) રાધે સ્કવેર, રિલાયન્સ ચોકડી પાસે, કુડાસણ, તા.જી. ગાંધીનગર
- સ્વ. રમેશભાઈ મૂલીસિંગ ચીટોડીયા (ઉ.વ.૩૭) મુ. જામનગર, રિલાયન્સ પ્લાન્ટની બાજુમાં, જામનગર
- સ્વ. વ્યાસ દિલીપભાઈ બાબુલાલ (ઉ.વ.૫૫) ૧૩/૭૦, વ્યાસવાડો, રાંધેજા, તા.જી. ગાંધીનગર
- સ્વ. ભાવસાર હિરાબેન જયંતિલાલ (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૨૬૨/૨, સૂર્યનારાયણ સોસાયટી, સે-૨૫, ગાંધીનગર